# પાટીદારોની અનામત રેલીની સાથે સાથે...

● વહેલી સવારથી ઘ-૦ સર્કલે પાટીદારોના ટોળેટોળાં ઉમટવા લાગ્યાં હતા જેમાં સૌથી વધુ સંખ્યા યુવાનોની હતી.

● પોલીસ દ્વારા સવારથી જ ઘ-માર્ગને પથિકાશ્રમથી ઘ-૦ સુધી સંપૂર્ણપણે બંધ કરી દેવાયો હતો.

● એસ.ટી. બસોને પણ ચ-માર્ગ પર ડાયવર્ટ કરી દેવાતા અમદાવાદ તરફ અપડાઉન કરતા રોજીંદા નોકરિયાતો અને વ્યવસાયિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

● સવારે અખબારના ફેરિયાઓને પણ ઘ-માર્ગ પર પ્રવેશવા દેવાયા નહોતા. આ ઉપરાંત સ્કૂલવાનોને પણ સેક્ટરના આંતરિક માર્ગો પર ફરી ફરીને જવું પડ્યું હતું.

● રેલીમાં પાટીદાર સમાજના ઉદ્યોગપતિઓ પણ જોડાયા હતા.



● એક ૭૮ વર્ષના માજી પણ રેલીમાં જોડાતા મહિલાઓમાં ઉત્સાહ વ્યાપી ગયો હતો.

● ઘ-૨ સર્કલે રોડ નં. ૨ પરથી પસાર થતા નગરજનોને પણ અટકાવાતા પોલીસ સાથે ચકમક ઝરવાના બનાવો બન્યા હતા.

● પાટીદારોએ સરકાર બનાવી છતાં તેમને જ અન્યાય થઈ રહ્યો છે, હવે તો સીએમ જ નહી પરંતુ પીએમ પણ પાટીદાર જ હોવા જોઈએ તેવી પાટીદારોમાં ચર્ચાઓ ચાલતી હતી.

● પોલીસે ઘ-માર્ગ પાસેના તમામ લારી-ગલ્લા અને ચા ની કિટલીઓ સુદ્ધા બંધ રખાવી દીધી હતી.

● પોલીસના માથે આજે ત્રણ જગ્યાના બંદોબસ્તની જવાબદારી હોવાથી પોલીસકર્મીઓની તૂટ પડી હતી. ત્રણ જવાબદારીઓમાં રાજ્યપાલનો રૂટ બંદોબસ્ત, ટાઉનહોલ ખાતે મુખ્યમંત્રીનો કાર્યક્રમ અને પાટીદાર રેલીનો સમાવેશ થતો હતો.

● હાઈટેક હોસ્પીટલે રેલી પહોંચી ત્યાં ગાય વચ્ચે આવી જતા એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે તેમના બે કમાન્ડોને ગાય ભગાડવા દોડાવ્યા હતા.

● રેલી સે. ૬ના મેદાનમાં ફેરવાયી ત્યારે ઘણા યુવાનો સેલ્ફી લેતા નજરે ચઢ્યાં હતા. મૌન રેલી હોવાથી સભામાં બે મિનિટનું મૌન પળાયું હતું.

● રેલીમાં એક પાટીદાર આશરે ૧૨ થી ૧૫ તોલા સોનાના દાગીના પહેરીને આવ્યા હતા તેમજ ઘણા પાટીદાર યુવાનો મોંઘા બ્રાન્ડેડ શર્ટ-જીન્સ પહેરીને આવ્યા હતા. તે જોઈ નગરજનોમાં ચર્ચાઓ ચાલી હતી.

# અંતે એસ.પી.એ રોડ નં. ૨ પરથી બેરીકેટ્સ હટાવડાવ્યા

## પાડાના વાંકે પખાલીને ડામ : રેલીના બંદોબસ્તને કારણે અનેક નગરજનો મુશ્કેલીમાં મુકાયા : ઘણા વાહનચાલકોને પોલીસે ફૂટપાથ પર વાહન ચલાવવા ફરજ પાડી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં યોજાયેલ પાટીદાર અનામત આંદોલનની મૌન રેલીના કારણે પોલીસે આજે વહેલી સવારથી જ સંપૂર્ણ ઘ માર્ગ ઉપરાંત રોડ નં. ૨ તરફથી ઘ-૨ સર્કલ તરફની આવન-જાવન બંધ કરી દીધી હતી. ઘ-૨ સર્કલ પર રોજીંદા કાર્યો માટે અવરજવર કરતા નગરજનોને ભારે મુશ્કેલી પડી હતી અને એક નગરજન દ્વારા પોલીસ સાથે ચકમક ઝરી હતી. છેવટે એસપી વિરેન્દ્રસિંહ યાદવે ઘ-૨ પરથી રોડ નં. ૨ ના વાહનચાલકોને રસ્તો ક્રોસ કરવા દેવાની છૂટ આપવી પડી હતી.

ઘ-૨ સર્કલ નજીક પોલીસકર્મીઓએ રોડ નં. ૨ ને બેરીકેડ્સ મુકી બંધ કરી દીધો હતો. આ ઉપરાંત સે. ૨, સે. ૩, સે. ૬ અને સે. ૭ના ઘ-માર્ગને સ્પર્શતા તમામ માર્ગો પરથી પણ પ્રવેશ બંધ કરી દેવાયો હતો. આ કારણે અનેક વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી હતી. ઘ-૨ સર્કલે એક નગરજન તેમના પુત્ર સાથે તેમની કારમાં રોડ નં. ૨ પર ચ-૨ તરફથી આવ્યા હતા. તેમની કાર ઘ-૨ સર્કલે બેરીકેડ્સ પાસે અટકતા તેમનો પિત્તો ગયો હતો અને તેઓએ બંદોબસ્ત પરના પોલીસકર્મીઓ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. છેવટે પી.આઈ. આવતા આ નગરજન શાંત પડીને ચાલ્યા ગયા હતા. આ બનાવની જાણ એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવને જાણ થતાં તુરંત જ ઘ-૨ સર્કલે ધસી આવ્યા હતા અને માર્ગની સમીક્ષા કરી હતી. તેમણે તુરંત જ રોડ નં. ૨ પરથી ઘ-૨ સર્કલને ક્રોસ કરવાની અનુમતિ આપતો હૂકમ કર્યો હતો અને રોડ નં. ૨ પરથી બેરીકેડ્સ હટાવડાવી લીધા હતા. આજે કેટલાક વાહન ચાલકોને પોલીસે જાતે ફૂટપાથ પર પણ વાહન ચલાવીને જવાની ફરજ પાડી ઘ-માર્ગ પરથી હટી જવા જણાવ્યું હતું. **(સમીર રામી)**






પાટીદાર અનામત રેલીમાં જોડાયેલા પાટીદારો માટે આયોજકો તરફથી પાણીના પાઉચની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાણીના પાઉચ પીધા પછી તેને જયાં ત્યાં ફેંકવા નહી તેવી માઈક ઉપર સતત સૂચનાઓ છતાં ઘણા પાટીદારોએ રોડ પર અને ઘ-૨ના સર્કલમાં પાણીના પાઉચ ફેંકયા હતા. ફેંકેલા પાઉચના મીડિયા કર્મીઓ દ્વારા ફોટા લેવાનું ચાલુ કરાતા છેવટે કેટલાક સ્વયંસવકોએ તુરંત જ પાણીના પાઉચ રસ્તા પરથી વીણી લેવાનું ચાલુ કરી દીધું હતું. **(તસવીર : સમીર રામી)**

# જેઠીપુરા પાસે ટ્રકમાં ઘુસી ગયેલું બાઈક સળગ્યુ : યુવાન ભડથુ

ગાંધીનગર, તા. ૩

વલાદ-ચિલોડા માર્ગ પરથી પસાર થતુ બાઈક સામેથી ધસમસતી આવતી ટ્રકમાં ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બાઈકચાલક યુવાન ૧૫થી ૨૦ ફૂટ સુધી રોડ પર ઢસડાયો હતો અને પેટ્રોલ લીક થતા સ્પાર્ક થયું અને બાઈક સળગી ઉઠ્યું હતું. તેની સાથે બાઈક ચાલક યુવાન પણ ભડથુ થઈ જતાં ઘટના સ્થળ પર જ તેનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

ગઈકાલે મોડી સાંજે નરોડા જીઆઈડીસી ખાતે રહેતા ૩૨ વર્ષિય વિરેન્દ્રસિંહ વિશ્વપ્રીયા ગુર્જર તેમનું બાઈક નં. જીજે-૧-ઈ.યુ.૧૦૯૨ લઈને પોતાના વતન રાજસ્થાન તરફ જવા નીકળ્યા હતા. તે દરમ્યાન જેઠીપુરા ગામના પાટીયા પાસે સામેથી આવી રહેલી ટ્રક નં. આર.જે. ૧૪-સી.બી. ૫૫૦૨માં બાઈક સવાર ઘુસી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટ્રક સાથે અથડાયેલું બાઈક ૧૫ ફૂટ જેટલું ઢસડાયું હતું. તેની સાથે બાઈક ચાલક યુવાન પણ ઢસડાયો હતો. બાઈકમાંથી પેટ્રોલ લીક થતા સ્પાર્ક થયુ અને બાઈક ભડભડ સળગી ઉઠયુ હતુ અને યુવાન વિરેન્દ્રસિંહ પણ આગની લપેટમાં આવી ગયો હતો. બનાવ સ્થળે જ યુવાનનું કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. આ ઘટના અંગે ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને પીએસઆઈ પી.જે. સોલંકીએ તપાસ આરંભી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેરમાં ફુંકાયેલા તીવ્ર ગતિના પવનને પગલે ધરાશયી વૃક્ષોને હજુ સેકટરોના અંતરિયાળ વિસ્તારમાંથી દૂર નથી કરાયા તેમજ તેના કારણે થયેલા ખાડાઓ પણ પુરવામાં કાર્યવાહી તંત્ર દ્વારા ન થતાં લોકોમાં રોષ ઉભો થવા પામ્યો છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૨૦ જેટલા સફાઈ કામદારો અને ત્રણ જેટલા અધિકારીઓ બનાસકાંઠામાં પૂરગ્રસ્તોની મદદે પહોંચ્યા છે.

● આજે ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમના ચેક વિતરણ કાર્યક્રમમાં એન્કરે જિલ્લા પંચાયત પ્રમુખ હીના પટેલને શહેરના પ્રથમ નાગરિક કહી સંબોધ્યા હતા.

● ગાંધીનગર શહેરમાં છુટા છવાયા મેલેરિયા ઉપરાંત ડેન્ગ્યુના પણ કેસો બહાર આવી રહ્યા છે.

● ગુજરાત વિધાનસભાના પાંચ અધિકારીઓને નાયબ સચિવ તરીકે બઢતી આપવામાં આવી છે.

## બાલવા હાઈસ્કૂલમાં વૃક્ષારોપણ

બાલવાની શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ ખાતે 'ઈકો કલબ અંતર્ગત' વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ બોરસલ્લી, આંબા, સાગ, સાદડ, રાયણ, નાળિયેરી, જામફળી જેવા તેમજ ફળફળાદીના છોડ રોપવામાં આવ્યા હતા. રોપાયેલા છોડની માવજત કરવાની જવાબદારી વિદ્યાર્થીઓએ સ્વીકારી હતી.


